સ્વ. સૌ. બ્હેન ચંપાના સ્મરણાર્થે.

શ્રીવાયડમાતા પ્રસન્નોઽસ્તુ:

સુન્દર ગરબાવળી.

(ધાર્મિક તેમજ સામાજીક ગરબાઓથી ભરપૂર.)

સંયોજક:

નટવરલાલ પુરુષોત્તમદાસ કડીવાળા.

ઠે. જમાલપુર, ટોકરશાની પોળ—અમદાવાદ.

અમદાવાદ—શ્રી "ડાયમંડ જ્યુબિલિ" પ્રિન્ટિંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું અને પ્રસિદ્ધ કર્યું.

સંવત ૧૯૮૪ સને ૧૯૨૮

કીંમત અમૂલ્ય.

સ્વ. સૌ. બ્હેન ચંપાના સ્મરણાર્થે.

શ્રીવાયડમાતા પ્રસન્નોઽસ્તુઃ

સુન્દર ગરબાવળી.

(ધાર્મિક તેમજ સામાજીક ગરબાથી ભરપૂર.)

પ્રયોજકઃ

નટવરલાલ પુરસોતમદાસ કડીવાળા.

ઠે. જમાલપુર, ટોકરશાની પોળ–અમદાવાદ.

અમદાવાદ—ધી "ડાયમંડ જ્યુબિલિ" પ્રિન્ટિંગ પ્રેસમાં, પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું અને પ્રસિદ્ધ કર્યું.

સંવત ૧૯૮૪ સને ૧૯૨૮

આ. ૧ લી. પ્રત ૧૦૦૦

કીંમત અમૂલ્ય.

પ્રસ્તાવના.

સંવત ૧૯૮૩ ની સાલમાં જ્યારે હું વાયડ સંઘમાં ગયો હતો ત્યારે ત્યાં વાવ આગળ બ્હેનોના ગરબા સાંભળી મ્હારા મનમાં સ્ફુરી આવ્યું કે, અન્ય દેવ દેવીઓના ગરબા ઘણીજ બુકોદ્વારા બહાર પડેલા છે પરંતુ આપણી કુળદેવી શ્રીવાયડમાતાના ગરબા હજુસુધી કોઈએ લખ્યા નથી.

ઉપરોક્ત વિચારોનું મન્થન મારા મનમાં થતું હતું. વિશેષતામાં જ્ઞાતિના અન્ય બે ત્રણ ભાઈઓ તરફથી પણ મ્હને તે બદલ સુચના મળી. સૂચના મળતાંજ મ્હારા વિચારો મક્કમ થયા અને ગરબા-સંગ્રહની એક બુક લખવા મ્હેં નિશ્ચય કર્યો. આ વાત મ્હેં મ્હારા મિત્રો પાસે રજુ કરી અને તેમના તરફથી પણ સહાનુભુતિ મળી. આ બદલમાં મ્હેં રા. રા. પોપટલાલ દેવીદાસને વાત કરી અને તેમણે તેમની બ્હેનના સ્મરણાર્થે મજકુર પુસ્તક છપાવી બ્હાર પાડવાનું કબૂલ કર્યું જેથી આ પુસ્તક પ્રગટ કરવાને હું ભાગ્યશાળી થયો છું.

આ પુસ્તકમાં કુળમાતાના ગરબા ઉપરાંત સ્ત્રીઓપયોગી શિખા-મણના ગરબા તેમજ મુંબાઇમાં સં. ૧૯૮૧ ની સાલમાં થયેલા શ્રી છપ્પનભોગ મહોત્સવ વિગેરે વિષય ઉપર ગરબાઓ લખાયેલા છે.

બન્ધુઓ, આ મ્હારો પ્રથમ પ્રયાસ છે. લખાણમાં ભૂલચુક આપને જણાય તો દરગુજર કરશો. જ્ઞાતિની તમામ બ્હેનોને પણ એજ વિનંતિ કે આ પુસ્તકમાં લખાયેલા ગરબા મુખપઠન કરી વાયડમાં સંઘ વખતે તેનો ઉપયોગ થશે તો મ્હારો લખવાનો શ્રમ સફળ થયો માનીશ. ઇતિશુભમ.

લી. જ્ઞાતિબન્ધુ,

નટવરલાલ પુરસોતમદાસ કડીવાળા.

સુન્દર ગરબાવળી.

શ્રી વાયડમાતા પ્રસન્નોઽસ્તુ.

(૧)

રાગ (ધન્યાશ્રી)

કરો જ્ઞાતિનું કલ્યાણ, **વાયડમાતા** કરો જ્ઞાતિનું કલ્યાણ,
સહુમાં સંપને જંપ દઇને, વધારો જગમાં માન–વાયડમાતા૦
નીતિ ને ધર્મનું સદા શુભ કર્મનું, પ્રીતિથી દ્યો મા દાન–,,
વાયડા બન્ધુનું શુભ કર માતા, તજાવી દ્યો અભિમાન–,,
કલેશ કુસંપ સહુ તજાવી દઇને, બનાવો આદર્શમાન–,,
નમ્ર વિનંતિ નટવર તણી આ, ધરોને માતા ધ્યાન–,,

(૨)

સખી પ્રત્યે સખીનો બોધ.

(આવી નિર્મળ સંધ્યારે સાહેલી સહુ નભમાં રેલી) એ રાગ.

આવી સુદી પાંચમરે રૂડા ચઇતર માસ તણી,
ચાલ્યાં વાયડ ગામ રે, કુળદેવી ભણી;
(સાખી) આંજી અંજન નેત્રમાં, ગુંથી વેણી સાર,
કરીઆ કુમકુમ ચાંદલા, અંબોડે ફુલહાર;
ભાડુતી ગાડામાં રે, ચાલ્યાં અમે મલકાતાં,
કોઈમંદ પવનમાં રે, જોબનથી લચકાતાં; આવી૦ (૧)

(સાખી) પાયે નુપુર ઝમકતાં, કરતાં મૃદુમૃદુ હાસ
રાત્રીના દશ વાગતાં, પહોચ્યાં માતની પાસ;
સ્વજ્ઞાતિની વાડી રે, રૂડી શોભે ત્યાંય,
તેમાં મુકામ કીધો રે, રૂડી ચોકીની માંય; આવી (૨)
(સાખી) આનંદ અધિકો ત્યાં થતો, વર્ણન કરી ન શકાય,
હોમ હવન ત્યાં થાય છે, જમવા સૌ વાડીમાં જાય;
અમરાપુરીથી ઝાઝી રે, શોભા વાયડ તણી,
ઈચ્છા મનમાં જો થાય રે, ચાલો તમે માત ભણી, આવી. (૩)
(સાખી) દર્શન કીજે માતનું, દુખ દાવાનળ જાયં,
નિર્મળ મન બને જે થકી, પાપ નષ્ટ થઇ જાય,
માટે વિચાર કરજો રે, પડશે ગમ્મત ત્યાંય,
દર્શનનો લેઈ લ્હાવો રે, પાછા આવશું આંહ્ય. આવી. (૪)
(સાખી) કુળ માતાનું સ્વરૂપ શું, કહેતાં ન આવે પાર,
નિરખતાં અઘ સૌ ટળે, શંશય નહીજ લગાર;
નટવર મુખથી વદે છે રે, શોભા અપરંપાર,
જેણે દર્શન ન કીધાં રે, તેનો એળે અવતાર. આવી. (૫)

(૩)

માતાજીના ગરબા.

રાગ—(સંસાર વીકટ વન સરખો બેન વચમાં રસ્તો વસમો છે)

રૂડું વાટિકા વન સારૂ છે, જોવા સારૂ તમે ચાલો બેન,
વાયડ જોવા જેવું છે.

પાટણથી જવાયે પગ રસ્તે, છકડો ભાડે કરજો બેન–વાયડ૦
રૂડી સરસ્વતિ નદી વચમાં આવે,
પ્રીતેથી આચમન કરજો બેન. વાયડ૦
બીજા વ્હો મોટા રસ્તે આવે,
ધરી ધીરજને આગળ ધસજો બેન વાયડ૦
વાયડમાં મોટી વાવ રૂડી,
સ્નાન કરી પવિત્ર થાજો બેન. વાયડ૦
વાવની અંદર મંદિર રૂડુ,
તેમાં માતનાં દર્શન કરજો બેન. વાયડ૦
માનુ મુખ નિરખી ખુશી થાશો,
ટળશે દુઃખો સહુ તારાં બેન. વાયડ૦
રૂડી ધર્મશાળા દશા વિશાની,
જુકતી જોવાની સારી બેન. વાયડ૦
વાવ આગળ ખુલ્લો ચોક રૂડો,
બેનો ત્યાં ગરબા ગાયે બેન, વાયડ૦
હવન ત્યાં થાયે વિધિ સાથે,
વેદની ધૂન્ય ત્યાં થાયે બેન. વાયડ૦
રૂષી મુનીઓએ ત્યાં તપ કીધું,
એવું પવિત્ર એ સ્થળ રૂડુ બેન. વાયડ૦
દીતિ માયે વૃત આરંભ્યું તું,
મનવાંછીત ફળ તો મળીઉં બેન. વાયડ૦

દેવતાઓનો ત્યાં વાસ હતો,
એવું રમણ્ય સ્થળ વાયડ છે બેન. વાયડ૦
પાસે બાણગંગા રૂડી વહે છે,
નાહવામાં અગણિત પુન્ય છે બેન. વાયડ૦
કંઇ શીતળ છાયા સારી છે,
ત્યાં મોર બપૈયા બોલે બેન. વાયડ૦
નટવર વિનંતિ આ ધ્યાને ધરી,
આવવાને તૈયાર થાજો બેન. વાયડ૦
નક્કિ વિચાર કરી લેજો,
પાછળ પસ્તાવો ન થાયે બેન. વાયડ૦

---

(૪)

(રઢીઆળુ વાયડ ગામ શોભા બહુ સારી) એ રાગ.

કુળદેવી વાયુમાત, જોવાને જઇએ,
જોવા જઇએને સુખીઆં થઇએ, વાયડ ગામમાં રહીએરે,
પોત પોતાના મનની વિનતિ, માતાજીને કહીએ. જોવાને. ૧
વાયડ ગામમાં, વાવને વિષે, વસ્યાં તે વાયડ માતરે,
વેદ ભણે છે વાયડા બ્રાહ્મણ, વણિકો વિનવે માત. જોવાને. ૨
માને પાળે હવન થાય ને, શ્રીફળ ઘી હોમાયરે;
વિધિ સહિત પુજન ત્યાં થાયે, શોભા ન વર્ણવી જાય. જોવાને. ૩

ચાર દિવસ ત્યાં સંઘ રોકાયે, આનંદ અધિકો થાય રે;
રમત ગમતમાં દીવસ જાએ, જમવાનું ત્યાં થાય. જોવાને. ૪
માતાના વરઘોડા કેરી, ઉછામણી ત્યાં થાયરે;
પોત પોતાની શક્તિ પ્રમાણે, ભકતો બોલે ત્યાંય. જોવાને. ૫
ચઇતર સુદી અષ્ટમી દીને, શુભ મુહુર્તની માંહ્યરે,
વરઘોડો માતાનો નીકળે, થાય અદ્દભુત સોભાય. જોવાને. ૬
ગામ પ્રદક્ષિણા કરતો કરતો, વરઘોડો ફરે ત્યાંયરે,
ઘંટ નાદને વાજાં વિધવિધ, છત્ર ચમર ઢોળાય. જોવાને. ૭
ભલા બિચારા ગામના લોકો, દર્શન કરતા ભાવેરે,
વરઘોડાની શોભા જોવા, ગામ ગાંદરે આવે. જોવાને. ૮
નોમને દીને નિર્મળ પ્રભાતે, સંઘજ પાછો ફરતો રે,
અમરાપુરીથી ઝાઝો આનંદ, વાયડ ગામમાં થાતો. જોવાને. ૯
નટવર વિનવે જ્ઞાતિ બન્ધુ, એકવાર વાયડ જાજોરે,
દર્શન કરીને રાજી થાશો, આનંદ આવશે ઝાઝો. જોવાને. ૧૦
રૂડા રાજનગરને વિષે, જમાલપુરમાં વાસરે,
ટોકરસાની પોળજ રૂડી, વિનવે દાસનો દાસ. જોવાને. ૧૧

---

(૫)

(ચાલોતો શ્રીજી જઇએરે) એ રાગ.

ચાલો તો વાયડ જઇએરે, કુળમાતાને જોવાને.
આવો તો તૈયાર થઇએરે, ,, ,,
મને ઘરમાં નથી કંઇ ગમતું રે, ,, ,,

મારૂ ચીત વાયડમાં ભમતુંરે, કુળમાતાને જોવાને.
મને ખાન પાન નવ ભાવેરે ,, ,,
રૂડો ચઈત્તર કયારે આવેરે ,, ,,
જાઉં માતા કેરી પાસેરે ,, ,,
તે વિણુ શાન્તિ નહી થાશેરે ,, ,,
માના રૂપ તણો નહી પારરે ,, ,,
સજ્યા માએ શોળ શણુગારરે ,, ,,
માને પાયે ઝાંઝર ઝમકેરે ,, ,,
ભકતો સઘળા મોહ્યા ઠમકેરે ,, ,,
માથે કરમાં ત્રીશુળ ઝાલ્યુંરે ,, ,,
ભકતોને બહુ સુખ આલ્યુંરે ,, ,,
જમણા કરમાં વીણા ઝાલીરે ,, ,,
મા ઉભાં મુગુટ ધારીરે ,, ,,
ભલભલાના ગર્વજ ટાળયારે ,, ,,
નિજ સેવકને સંભાળ્યારે ,, ,,
માની હાકલ રૂડી વાગેરે ,, ,,
સુણી અસુરો ત્યાંથી ભાગેરે ,, ,,
નિજ ભકતોને આનંદ દેતાંરે ,, ,,
હરનિશ મા સંભાળ લેતાંરે ,, ,,
મા તુજને પાયે લાગુરે ,, ,,
ત્હારી સેવા હરનીશ માગુરે ,, ,,

કૃપા મુજ ઉપર મા કરજોરે „ „
નટવર ચીત્ત તુજમાં ઠરજોરે „ „

---

(૬)

સં. ૧૯૮૩ ના મહા માસમાં થયેલી માતાજીની પ્રતિષ્ઠાનું ધોળ.

રાગ—(ચાલો વન જાત્રાનાં સુખ લઇએ રે)

ચાલો વાયડ ધામનાં સુખ લઈએ રે ટેક.
પ્રથમ માતને પાયે લાગું રે, એમનાં ચરણ કમળ ચિત્ત રાખું રે;
પ્રતિષ્ઠાનાં ચરિત્ર હું ભાખું ચાલો૦ ૧
સૂણો સર્વે જ્ઞાતિ જન રે, તમે વિચારો કંઇ મન રે,
ચાલો માતનાં કરીએ દર્શન ચાલો૦ ૨
ગાયકવાડી રાજ્યનું ગામ રે, રૂડુ એનું તે પાટણ નામરે,
પ્રથમ કરીશું ત્યાં મુકામ ચાલો૦ ૩
ત્યાંથી પગ રસ્તે જવાય રે, પુરા દશ ગાઉ ત્યાંથી થાય રે;
ચાલો જઇએ સરવે ત્યાંય ચાલો૦ ૪
ચઇતર સુદી ૫ ના દહાડે રે, સૌકો કરે છે ગાડાં ભાડે રે;
સાંજે વાડીથી ગાડાં હંકા રે, ચાલો૦ ૫
પ્રતિ વર્ષે સંઘ ત્યાં જાય રે, આનંદ ઓછવ અધિકો થાય રે;
અમરાપુરીથી અધિક શોભાય ચાલો૦ ૬

ધર્મશાળામાં સહુનો મુકામરે, એતો શાન્તિ કેરૂં ધામ રે;
થાયે આનંદ આઠે જામ ચાલો૦ ૭
ત્રણ દિવસ સંઘ રોકાય રે, જમવાની જુક્તી બહુ થાય રે;
નોમે સર્વ થાય છે વિદાય ચાલો૦ ૮
પ્રતિ ચૈત્ર સુદી ૬ દિન રે, વાયડમાં થાય છે હવન રે;
આવી રીતે વીત્યા ઘણા દિન ચાલો૦ ૯
સંવત ૧૯૬૧ સાલ રે, શુકલ છઠ ને ચૈતર માસ રે;
કમિટી એક નીમી ખાસ, ચાલો૦ ૧૦
રૂડુ કર્યું કમિટીએ કામરે, ફર્યાં જ્ઞાતિનાં ગામે ગામરે;
કર્યું ફંડ ભીડી ઘણી હામ ચાલો૦ ૧૧
ઘણા વર્ષો એમ વહી જાય રે, વાવનો જીર્ણોદ્ધાર પુર્ણ થાય રે;
ત્યારે સૌએ વિચાર્યું ત્યાંય ચાલો૦ ૧૨
પ્રતિમા ખંડોમાં જેહરે, તે તો સઘળી ખંડીત છેય રે;
તેથી પુજન નથી થાતું ત્યાંય ચાલો૦ ૧૩
વાવના પ્રથમ ખંડની માંહ્ય રે, નવું મંદિર બંધાવ્યું છે ત્યાંય રે;
તેનું વર્ણન કરી ન શકાય ચાલો૦ ૧૪
ફરી પ્રતિષ્ઠા કરવાનું ધારી રે, આરસ કેરી પ્રતિમા બનાવી રે,
સશાસ્ત્ર તૈયાર કરાવી ચાલો૦ ૧૫
શોભે સુંદિર ભુજા ચાર રે, માની શોભાનો નહી પાર રે,
વર્ણન કરતાં ન આવે પાર ચાલો૦ ૧૬
જોશી પાસે મુહુર્ત જોવરાવ્યું રે, નીચે પ્રમાણે તેતો આવ્યું રે;
સહુને મનમાં એ ઘણું ભાવ્યું ચાલો૦ ૧૭

સંવત ૧૯૭૩ સાલરે, રૂડો નિરમળ મહા માસરે;
સુકલ એકાદશીને દહાડે ચાલો૦ ૧૮
રૂડો અવસર આ કહેવાય રે, સૌને અધિકો આનંદ થાયરે
ગામે ગામ પત્રિકા લખાય ચાલો૦ ૧૯
સર્વ દેશથી જ્ઞાતિ ભાઈરે, માના દર્શને આવ્યા ધાઇરે;
પ્રથમ ઉતાર્યા પાટણ માંહી ચાલો૦ ૨૦
પાટણ જ્ઞાતિને ધન્ય ધન્યરે, શ્રમ લેતા રાત્રીને દનરે,
સદા સેવામાં રહેતા મગન્ન ચાલો૦ ૨૧
સ્ટેશન ઉપર હાજર રહેતા રે, આવનાર ભાઇને આવકાર દેતા રે,
ઉતારાની વ્યવસ્થા કરતા ચાલો ૨૨
મહા સુદી ૫ નો દિન રે, સાંજે પાટણથી નિકળ્યો સંઘ રે;
પ્રફુલ્લીત સર્વેનાં મન ચાલો૦ ૨૩
વાયડમાં થઇ અદ્‌ભુત શોભાય રે, રૂડા તંબુઓ ત્યાં નખાય રે;
રાત્રે કીટશન લાઇટો થાય ચાલો૦ ૨૪
વાવનાથી જમણે હાથે રે, ત્યાં ઉતર્યો દશાનો સાથ રે
શોભા કહેતાં ન આવે પાર ચાલો૦ ૨૫
વામ હસ્તે વાવથી ત્યાંય રે, ત્યાં હતો વિશાનો મુકામરે,
લશ્કરી છાવણી જેવો ઠામ ચાલો૦ ૨૬
દેશો દેશથી જ્ઞાતિલા આવ્યા રે, સાથે પુત્ર પત્નિને લાવ્યા રે,
બેનો ભાઈ મળી સાતસો આવ્યા ચાલો૦ ૨૭
યજ્ઞ મંડપો બે રચાવ્યા રે, સાઠ વિદ્વાનો તેડાવ્યારે;
બીજા અનેક ભાઈઓ આવ્યા ચાલો૦ ૨૮

સુદી છઠને દહાડે ત્યાંય રે, યજ્ઞો તણી ઉછામણી થાય રે;
વાયડ તણી અદ્‌ભુત શોભાય ચાલો૦ ૨૯
અંબાલાલ નાગરદાસ રે, આબુના રહેવાસી ખાસ રે;
પ્રવિણ પુરા શાસ્ત્રમાં ખાસ ચાલો૦ ૩૦
એમણે પ્રતિષ્ઠા હોમ કીધો રે, અનુપમ લ્હાવો એમણે લીધો રે;
યજ્ઞ વિધિએ પરિપુર્ણ કીધો ચાલો૦ ૩૧
ચંડી હોમ તે બીજો કહાવેરે, તેમાં કનૈયાલાલ તો ફાવેરે;
હોમ કરવાને હર્ષે આવે ચાલો૦ ૩૨
કહું શું યજ્ઞ પ્રયોગની વાતરે, વિધિ ચાલી પુરા દિન સાતરે,
થયાં પ્રસન્ન ઘણું માત ચાલો૦ ૩૩
સુકલ એકાદશી શુભવારેરે, સવારે પ્રાતઃકાળેરે,
માને પધરાવ્યાં મંદિર માંહે ચાલો૦ ૩૪
પ્રતિષ્ઠા વિધિ પુર્ણજ થાયરે, અમિ દૃષ્ટિ માતાની જણાયરે,
મેઘ વૃષ્ટિ સહુ પર થાય ચાલો૦ ૩૫
રૂડી સુદી ૧૨ની સાંજેરે, વરઘોડો નીકળ્યો રૂડી રીતે રે;
ફર્યો વાયડ ગામની માંહે ચાલો૦ ૩૬
જુક્તી વરઘોડાની ઘણી સારીરે, સાજનમાં શોભે નરનારીરે
માના દર્શનની બલીહારી ચાલો૦ ૩૭
સર્વ કામની ઉછામણી થાયરે, શક્તી પ્રમાણે સહુથી બોલાયરે
તેની ઉપજ સારી થાય ચાલો૦ ૩૮
અગિઆર હજાર બસો કહાવેરે, ઉપર સાડી બોતેર આવેરે,
ઉપજ યજ્ઞ વરઘોડાની કહાવે ચાલો૦ ૩૯

ચાલ્યો ઉત્સવ દિન અગિઆરરે, જેની શોભાનો નહી પારરે
વર્ણન કરતાં ન આવે પાર ચાલો૦ ૪૦
ભાઈઓ હરતા ફરતા ગમ્મત કરતારે, રાતે વાવ ઉપર ભેગા મળતા
બેનો ફેરા ગરબા સાંભળતા ચાલો૦ ૪૧
દીનમાં બે વખ્ત જમવાનું થાયરે, દશા વાડીમાં જમવા જાયરે
વિસા પોતાની છાવણી માંહ્ય ચાલો૦ ૪૨
બ્રહ્મ ભોજન થાતું ત્યાંયરે, વિસાભાઇની વાડી માંહ્યરે,
જુકતી જમવાની રૂડી થાય ચાલો. ૪૩
સાધન સપન્ન વિચાર કરતા રે, સંઘ જમાડી લ્હાવો લેતારે;
ભાતભાતનાં જમણુ થાતાં ચાલો. ૪૪
મુંબાઇ વાસી મોતીલાલ નામ રે, એમણે જમાડયું વાયડ ગામરે;
હરખ્યા વાયડના લોક તમામ ચાલો. ૪૫
કાર્ય પ્રતિષ્ઠાનું પુર્ણ થાય રે, સંઘ સર્વે થયો વિદાય રે,
વદી એકમે પાટણ જાય ચાલો. ૪૬
પ્રતિષ્ઠા લખવા હતી આશ રે, પુર્ણ કરી મોદીએ ખાસ રે,
હેવાલ મોકલ્યો મારી પાસ ચાલો. ૪૭
ગદ્યમાંથી મ્હે પદ્યમાં ઉતારી રે, ભુલચુકને લેજો સુધારી રે,
લેજો દાસને તમે ઉગારી ચાલો. ૪૮
મતી મ્હારી છે મા થોડી રે, સેવકને ના દેશો તરછોડી રે,
દેજો જ્ઞાતિમાં સંપ વધારી, ચાલો. ૪૯
ટુક પચાસ પુરી થાય રે, દાસ નટવર ગુણ ગાયરે;
કૃપા માગુ તમારી પાય ચાલો. ૫૦

(૭)

માતાજીની હાકલ

રાગ (મલ્હાવરાવ શહેરનો સુબો ક્યારે આવશે રે)

પ્રથમ નમું હું માતને રે, દ્વિકર જોડી લાગું પાયરે;
વાયડ માતા હાકલ ત્હારી દશે દિશમાં રે, ૧
બિરાજો વાયડ ગામમાં રે, પરમ કૃપાળુ એ માત રે,
વાયડ માતા હાકલ ત્હારિ દશે દિશમાં રે, ૨
સુંદિર રૂડી વાવ દિપતી રે, ગામથી ઓત્રાદિ દિશ રે;
વાયડ માતા હાકલ ત્હારી દશે દિશમાં રે, ૩
વાવની શોભા અતિ ઘણી રે, વર્ણન કરી ન શકાય રે,
વાયડ માતા હાકલ ત્હારી દશે દિશમાં રે. ૪
સાત સુંદિર ખંડ વાવને રે, શિખ્ખર ઝરૂખાને ગોખ રે;
વાયડ માતા હાકલ ત્હારી દશે દિશમાં રે. ૫
તે મધ્યે મંદિર દીપતું રે, તેમાં બિરાજો તમે માતરે,
વાયડ માતા હાકલ ત્હારી દશે દિશમાં રે. ૬
મનોહર સ્વરૂપજ તાહરૂં રે, ભક્તોનાં મન હરનારરે;
વાયડ માતા હાકલ ત્હારી દશે દિશમાં રે. ૭
ચતુર્ભુજ સ્વરૂપે માત છો રે, ઝાંઝર નુપુર ઝણકારરે;
વાયડ માતા હાકલ ત્હારી દશે દિશમાં રે. ૮
આસુરી જીવો નાઠા ત્યાં થકીરે, એવી ભીષણ ત્હારી હાકરે;
વાયડ માતા હાકલ ત્હારી દશે દિશમાં રે. ૯

અસુરો સંતાયા ખૂણે ખાંચરે રે, તાપ તમારો અપારરે;
વાયડ માતા હાકલ ત્હારી દશે દિશમાં રે. ૧૦

નાગ ધરામાં પ્રભુએ નાથીઓરે, તેમ તુંથી અસુરો નથાયરે;
વાયડ માતા હાકલ ત્હારી દશે દિશમાં રે. ૧૧

ત્હારા સેવકો કાજે તું ખરે રે, ફીકર કરતી અપારરે;
વાયડ માતા હાકલ ત્હારી દશે દિશમાં રે. ૧૨

પુત્રોને મળવા તલસતી રે, બોલાવે સર્વેને પાસ રે,
વાયડ માતા હાકલ ત્હારી દશે દિશમાં રે. ૧૩

પ્રતિ વર્ષે ચઈતર માસમાંરે, બાળ આવે ત્હારી પાસરે;
વાયડ માતા હાકલ ત્હારી દશે દિશમાં રે. ૧૪

સંતાનોને સંતોષીઆરે, પુરી ત્હે સર્વેની આશ રે;
વાયડ માતા હાકલ ત્હારી દશે દિશમાં રે. ૧૫

ડુબતી નૌકા ભવસાગરે રે, સાચવે નાવિક જેમ રે;
વાયડ માતા હાકલ ત્હારી દશે દિશમાં રે, ૧૬

વાયડ ગામની નૌકા ડુબતીરે, જાળવી ભવસાગરે તેમરે
વાયડ માતા હાકલ ત્હારી દશે દિશમાં રે. ૧૭

પ્રતિષ્ઠા કરવા કરી પ્રેરણારે, વધાર્યો વાયડ મહીમાયરે;
વાયડ માતા હાકલ ત્હારી દશે દિશમાં રે. ૧૮

હવન રૂડો ત્હારો થાય છે રે, વરઘોડો નિકળે છે ત્યાંયરે;
વાયડ માતા હાકલ ત્હારી દશે દિશમાં રે. ૧૯

ભલભલાના મદ મોરીઆરે, સવે પડયા ત્હને પાયરે;
વાયડ માતા હાકલ ત્હારી દશે દિશમાં રે. ૨૦
સેવા ચુકયા કે પડછો આલતીરે, સેવકોને કર્યા સાવધાનરે;
વાયડ માતા હાકલ ત્હારી દશે દિશમાં રે. ૨૧
વાયડની શોભા રૂડી બનીરે, ગામ સકળ લાગે પાયરે;
વાયડ માતા હાકલ ત્હારી દશે દિશમાં રે. ૨૨
નટવર કરગરી વિનવે રે, સૌને આપ્યાં અતિસુખરે;
વાયડ માતા હાકલ ત્હારી દશે દિશમાં રે. ૨૩
ટાળી મુકશો ના મ્હને ચર્ણથીરે,
વિયોગ દુઃખ સહન નહી થાય રે;
વાયડ માતા હાકલ ત્હારી દશે દિશમાં રે. ૨૪
અમી દૃષ્ટિ માતા આપનીરે, સંતાનો પર રાખો સદાયરે;
વાયડ માતા હાકલ ત્હારી દશે દિશમાં રે. ૨૫

---

(૮)

વાયડ ગામનો ગરબો

રાગ (સારૂં સારૂં રે સુરત શહેર મુંબઇ અલબેલી)

રઢીઆળું વાયડ ગામ, શોભા બહુસારી,
ત્યાં વાયડ માનું ધામ, શોભા બહુસારી,
સુંદીર શોભા વાવ તણી છે, મુખે કહી નવ જાય રે;
રચના રૂડી અવલોકીને, મુજ મનડુ લોભાય. શોભા. ૧

ગાયકવાડી રાજ્યજ મોટું, તેના તાબાનું ગામરે
પાટણથી એ દશ ગાઉ થાય છે રૂડુ રમણ્ય ધામ. શોભા. ૨

પગ રસ્તે પાટણથી જવાયે, કલાક ચારજ થાયેરે;
વ્હો વિગેરે ઓળંગીને વાયડ ગામ જવાય. શોભા. ૩

ગામ નાનું છે અસોજ ઘરનું, વસે ઠાકરડા કોળી રે;
ગામ વચ્ચે મહાદેવનું દેવળ શોભા જોવા જેવી. શોભા. ૪

ઉત્તર દિશાએ ગામથી દિસે, સુંદિર મોટી વાવરે;
વાયડા વણિકની માલકી કેરી, એ છે રૂડી વાવ. શોભા. ૫

સાતખંડ કંઈ રૂડા શોભે, સુંદર બાંધણી સારી રે;
કુવો વાવનો સુંદિર મોટો, અખૂટ ભરેલું વારી. શોભા. ૬

વાવ ઉપર કંઇ ડાબે હાથે, ત્રણ ઓરડીઓ સારીરે;
શોભા જોઇ મન આનંદ પામે, એકમાં રહે છે પૂજારી. શોભા. ૭

વાવની અંદર ડાબે હાથે, મંદિર માનું શોભે રે;
ઝુમર હાંડી તકતા રૂડા, શોભા જોઇ મન લોભે. શોભા. ૮

મંદિર અંદર ચાંદી જડીત્ર, રૂડું સિંહાસન દિસે રે,
માતાજીની મનહર મૂર્તિ, શોભે સિંહાસન વિષે. શોભા. ૯

ચત્રુભુજ રૂપે માજી શોભે, તેજ તણો નહિ પાર રે,
શણગાર રૂડા માથે ધરીઆ, વાયડાની રક્ષણ હાર. શોભા. ૧૦

જમણી દિશાએ વાવનાથી. ધર્મશાળા છે સારી રે;
મજબુત દિસે બાંધણી તેની, માલકી દશાભાઇઓની. શોભા. ૧૧

તે આગળ મહાદેવનું દેવળ, ધર્મશાળા વળી બીજી રે,
વિસા બન્ધુની માલકી કેરી, સુંદીર શોભા સારી. શોભા. ૧૨
તળાવ જગ્યાને ફરતો વંડો, સુંદિર દિસે સારો રે;
ધર્મશાળાની પાછળ ખુલ્લો, ભાગ દિસે રસોડાનો. શોભા. ૧૩
પ્રતિ વર્ષના ચઇતર માસે, સુદી ૪ ના દહાડે રે;
દેશોદેશથી જ્ઞાતિલા આવે, માતાને રીઝાવે. શોભા. ૧૪
ચૈતર સુદી છઠના દિને, હવન રૂડો થાયરે;
શ્રીફળ સાથે ઘી અતૂલીત, હવનમાં હોમાય. શોભા. ૧૫
સુદી આઠમનીજ સવારે, વરઘોડો નીકળે ત્યાંયરે,
જેની શોભા અતીજ સુંદિર, વર્ણન કરી ન શકાય. શોભા, ૧૬
ગામ પ્રદિક્ષણા કરીને સઘળા, વાવ પર પાછા આવેરે;
માતાજીને પ્રીતે વધાવે, મંદિરમાં પધરાવે. શોભા. ૧૭
ચાર દિવસ કંઇ વાયડ વિષે, આનંદ અધિકો થાય રે;
પ્રતિદીને સાંજના વખ્તે, જમવાનું ત્યાં થાય. શોભા. ૧૮
અમરાપુરીથી અધિક શોભા, વાયડ અંદર થાય રે,
નોમના દિને સવારે પાંચે, સંઘ થાય છે વિદાય. શોભા. ૧૯
વાયડ ગામથી એક ગાઉ છેટે, બનારસ રૂડી વહે છે રે,
અહીં નાહાવાથી ઘણું પુણ્ય છે, શાસ્ત્રકારો એમ કહે છે.
શોભા. ૨૦
એ વિણુ અન્ય શોભા ઘણી છે, કહેતાં ન આવે પારરે,
સર્વે બન્ધુ મળીને બોલો, માતાનો જયજયકાર. શોભા. ૨૧

વાયડ તણો હેવાલજ લખીયો, શિખે સાંભળે ગાયે રે,
માતાજીની કૃપાવડેથી સઘળાં પાપજ જાય. શોભા. ૨૨

મતિ અનુસાર હેવાલ લખીઓ, વાંચી કરજો ખ્યાલરે;
એકવાર નક્કી વાયડ જોજો, માજી કરશે ન્યાલ. શોભા. ૨૩

સંવત ૧૯૮૩ કેરા, અસાડ સુદી આઠમે રે,
હેવાલ લખીઓ નટવરલાલે, માતાની ઇચ્છાથી. શોભા. ૨૪

---

(૯)

(મા પાવાતેગઢથી ઉતર્યા મહાકાળી રે) એ રાગ.

મા વસીયાં વાટીકા વન વિષે, મહાદેવી રે,
તમે કીધો વાવમાં મુકામ–સમિરાદેવી રે. (ટેક)
મા જશ ગાઉં છું તાહરા મહા.
જીભ્યાએ વસજો માત. સમિરા. ૧
સેવક જાણી તાહરો મહા.
શિર ઉપર ધરજો હાથ. સમિરા. ૨
હર્ષ અતિમન થાય છે, મહા.
ગુણ ગાવાનું છે મન. સમિરા. ૩
દયા કરો દાસ ઉપરે, મહા.
જેથી બુદ્ધિ થાય પાવન. સમિરા. ૪
ગુણ ગંભિર છે તાહરા, મહા.
કહેતાં નવ આવે પાર. સમિરા. ૫

બાળક બુદ્ધિ હું શું કરૂં, મહા.
જો ન હોય ત્હારો આધાર. સમિરા. ૬
અણુહીલપુર પાટણ નજીક, મહા.
રૂડુ વાયડ નામે ગામ. સમિરા. ૭
ગામની શોભા અતિ ઘણી, મહા.
જ્યાં દીતિ માએ આદર્યું તપ. સમિરા. ૮
દેવ ભુમિ વાયડ તણી, મહા.
રૂષિમુનીઓએ કીધાં તપ. સમિરા. ૯
રૂડુ બજાર વાયડ ગામનું, મહા.
ડોશીડે માંડયાં હાટ. સમિરા. ૧૦
ડોસીડો લાવે ચુંદડી, મહા.
મારી વાયડ માને કાજ. સમિરા. ૧૧
પહેરો વાયડ મા પાતળાં, મહા.
તમ ભકતોના પુરજો કોડ. સમિરા. ૧૨
બજારના મધ્ય ભાગમાં, મહા.
માળિડે માંડયાં હાટ. સમિરા. ૧૩
માળિડો લાવે હારગજરા, મહા.
મારી વાયડમાને કાજ. સમિરા. ૧૪
પહેરો વાયડ મા પાતળાં, મહા.
તમ ભકતોની પુરજો આશ. સમિરા. ૧૫
રૂડી બાણુગંગા પાસે વહે, મહા.
ન્હાયે નિર્મળ થાયે મન. સમિરા. ૧૬

વાવ સુંદિર મા તાહરી, મહા.
જેનું વર્ણન કરી ન શકાય. સમિરા. ૧૭
સાત ખંડ રૂડા શોભતા મહા.
પથ્થરનું મજબુત કામ. સમિરા. ૧૮
શિખ્ખર ધાબાં અતિ રૂડાં, મહા.
જેનાં દેવતાએ કીધાં વખાણ. સમિરા. ૧૯
મિઠું નિર્મળ પાણી વાવનું, મહા.
પીધે બુદ્ધિ થાય પાવન. સમિરા. ૨૦
રૂડું મંદિર મા તુજ શોભતું, મહા.
વામ. હસ્તે વાવની માંહ્ય. સમિરા. ૨૧
સુંદીર ઝુમર ત્યાં શોભતું, મહા.
હાંડી તકતાનો નહી પાર. સમિરા. ૨૨
ઝળહળ જ્યોત પ્રકાશતી, મહા.
માના તેજ તણો નહી પાર. સમિરા. ૨૩
શોભા નિજ મંદિરની શું કહું, મહા.
જેનું વર્ણન લખી ન શકાય. સમિરા. ૨૪
સહસ્ત્ર જીભે શેષ વર્ણવે, મહા.
તો પણ વર્ણન ન થાય. સમિરા. ૨૫
અલ્પમતિ શું વર્ણવું, મહા.
ઇંદ્રપુરીથી અધિક શોભાય. સમિરા. ૨૬
સિંહાસન રૂડું ચાંદીતણું, મહા.
જેમાં બિરાજે વાયડ માત. સમિરા. ૨૭
ચત્રુ ભુજ સ્વરૂપે મા દીપતાં, મહા.
પાયે ઝાંઝર નુપુર સોહાય સમિરા. ૨૮

પ્રતિ વર્ષે ચઇતર માસમાં. મહા.
સઘળા ભકતો આવે ત્યાંય. સમિરા. ૨૯

આનંદ ઓછવ માણુતા, મહા.
કરે વિધિ સહિત હુવન. સમિરા. ૩૦

ત્યાંતો શરણાઇ નોબત ગડગડે, મહા.
રૂડો વરઘોડો નીકળે ત્યાંય. સમિરા. ૩૧

પ્રદક્ષિણા વાયડ ગામની, મહા.
કરી વરઘોડો ઉતરે ત્યાંય. સમિરા. ૩૨

ચાર દિન આનંદ અતિ ઘણો, મહા.
થાયે આનંદની રેલમછેલ. સમિરા. ૩૩

સુંદિર ભેટો ભકતો લાવતા; મહા.
મ્હારી વાયડ માને કાજ. સમિરા. ૩૪

ચતુર નારીઓ અતિ ઘણી, મહા.
નિર્મળ છે જેનાં મન. સમિરા. ૩૫

ગરબા ગાતાં ચોકમાં, મહા.
સંઘ રહે તેટલા દિન. સમિરા. ૩૬

તાળીની ઝાડીઓ પડે, મહા.
ત્યાં શોભા નૌતમ થાય. સમિરા. ૩૭

કોકીલ કંઠ સોહમણા, મહા.
નવરંગી નારી ગાય. સમિરા. ૩૮

સાંભળવા પુરૂષો બેસતા; મહા.
વાવના ઓટલાની ઉપર. સમિરા. ૩૯

મધ્યરાત સુધી ગરબા ગવાય છે, મહા.
ત્યાં આનંદ આનંદ થાય. સમિરા. ૪૦

નવપરિણિત દંપતિ આવતાં, મહા.
મા તુજને લાગે પાય. સમિરા. ૪૧
વિદાયગીરી તુજ મેળવી, મહા.
સૌ નામે થાય છે વિદાય. સમિરા. ૪૨
મતિ અનુસારે ગરબો લખ્યો, મહા.
ભુલ ચુકની કરજો ક્ષમાય. સમિરા. ૪૩
જે ગાયે શીખે સાંભળે, મહા.
તેની માતા પુરે આશ. સમિરા. ૪૪
મા મને ઓથજ તાહરી, મહા.
નિત્યે લેજો સેવક સંભાળ. સમિરા. ૪૫
રૂડો ચઈતર કૃષ્ણ પંચમી, મહા.
સંવત ૧૯૮૪ સાલ. સમિરા. ૪૬
અલ્પમતે ગરબો લખ્યો, મહા.
ગુણગાયે નટવરલાલ. સમિરા. ૪૭

---

(૧૦)

પતિવૃત વિષે.

રાગ.—(રઘુપતિ રામ હૃદયમાં રહેજોરે)

બ્હેની પતિવૃત પાળિએ પ્રિતેરે, ટેક.
બ્હેની પ્રતિવૃત ગણિએ પ્યારૂંરે, એના વિના જગત સહુ ખારૂંરે;
પતિવૃત વડે સહુ સારૂં, બ્હેની પતિવૃત પાળિએ પ્રિતેરે. ૧

શિયળ સાચવજો તમે પ્રીતેરે, ગણી સુધાના કુંભની રીતે રે;
શિયળ તજવું ના કદિ દુઃખ વિત્યે. બ્હેની. ૨
સાડી સ્વર્ગીય સ્નેહની જાણોરે, ચણીઓ તે ગૃહ ચતુરાઈ માનોરે;
કંચુકી કરકસરની પ્રમાણો. બ્હેની. ૩
વસ્ત્રાભુષણ વિનયનાં ધરીએરે, વિવેકતણા શૃંગાર કરીએ રે;
અલંકાર ભક્તિના ધરીએ. બ્હેની. ૪
પતિ પરમેશ્વર તુલ્ય ગણીએરે, કદી સંતોષ સાદાઇ ના તજીએરે;
દયા દાન ના કદી પરહરીએ. બ્હેની. ૫
ઝાઝું જીભેથી ના વદીએરે, તજવી માઝા મોટાની ના કહિએરે,
સહનશિલતાને ના તજીએ. બ્હેની. ૬

---

(૧૧)

સ્ત્રી કર્તવ્ય વિષે

રાગ. (પુનમચાંદની ખીલી પુરી અહીંરે)

બેનો નિજ નિજ નિતિ ધર્મ સદા સંભાળીએરે;
રૂડું પતિવૃત પટકુળ નિત્ય કરી પરિધાન.
સાસુ સસરા માત પિતાની સેવા સાચવો રે,
નિત્યે ભાવ ધરીને, ભજીએ કુળ દેવાય;
રૂડા ઉત્તમ ગુણથી, ઉભય સુકુળ અજવાળીએ રે. ૧

(સાખી)

નજરો નજર નવ જોડીએ, નાથવિના અન્ય સાથ,
અન્ય નરને નવ આપીએ, તાળી હાથો હાથ.

હસવું રમવું જમવું એકાંતે નવ બેસવું રે,
પતિ વિણુ પતિના,, મિત્રોની સંગાથ. રૂડા. ૨

(સાખી)

વાત વિનોદની કરવી નહી, સ્વામિ વિના અન્ય સાથ,
વિશ્વ વિરૂદ્ધ ન વર્તવું, ભલે તાત કે ભ્રાત.
સજની શિયળ વ્રતને સાચવવું અતિ પ્રીતથી રે,
નિર્લજ નટખટની શોબત તજવી સુજાત. રૂડા. ૩

(સાખી)

કાણો કુબડો કદરૂપો, નિર્ધન નિર્બળ કાય,
મતિહીન જો પતિ મળે, સતિને એ સુરરાય.
ઇશ્વર તુલ્ય ગણીને, વંદન કરવું હેતથી રે,
જેથી વગર વિલંબે, ભવસાગર તરાય. રૂડા. ૪

(સાખી)

ઉંચે સ્વરે નવ બોલવું, મુકવી નહી મરજાદ,
સમજુ બેન કરવો નહી, વડીલથી વિવાદ.
મોટાં વડિલ વર્ગની, માઝા નિત્ય રાખીએરે;
વર્તિ સદ્‌ગુણથી રાખો સહુને પ્રસંન. રૂડા. ૫

(સાખી)

ધન સંપત્તિ વાસના, પટકુળ જુદા રંગ,
સર્વ મિથ્યા માનવું, ધરવો સદ્‌ગુણ અંગ.

મળશે મુક્તિફળ પરમેશ્વર આપે પ્રિતથીરે,
નટવરની શિખામણ ભાવે ધરજો મન. રૂડા. ૬

(સાખી)

વાણી સત્ય વદવી સદા, નિજ પતિની સંગાથ;
સાસુ સસરા સર્વને, સાચી કહેવી વાત.
સમતા ધારી મનમાં, માન થકી બોલાવવારે.
સદ્‌ગુણી વાણીથી રાખો સહુને પ્રસન્ન. રૂડા. ૭

(સાખી)

આભુષણ નવ પેખવાં, નિત્ય જોવું પતિ મુખ,
વર્તન રૂડું રાખવું, મળે અક્ષય સુખ.
લઢવું વઢવું ને ગુસ્સામાં કદિ નવ બેસવુંરે,
રહેવું સંતોષે જે આપ્યું છે જુગદિશ. રૂડા. ૮

(સાખી)

સ્વામિ સ્વભાવ હોયજો, અગ્નિ કેરી ઝાળ,
સંતોષથી બુઝાવશો, સામો નાવે કાળ.
નિત્યે ફરવું હરવું સુખે દીન ગુજારવારે,
તેથી થાશે ઉભય કુળ તણું કલ્યાણ. રૂડા. ૯

(૧૨)

સાસરે જતી બાળાને માતાની શિખામણ

રાગ (મેઘા ડમંર ગાજે)

સાંભળ શિખામણ બેનડી, લેજે ઉરમાં ઉતારી;
વર્તન કેવું રાખવું, સાસરીઆની માંહી. સાંભળ. ૧
અણજાણ્યામાં જઇને, ડહાપણ રાખીને રહેવું,
વ્હાણે વહેલું ઉઠવું, સર્વે માણુસની પહેલું. સાંભળ. ૨
ધ્યાન હરિનું ધારીને. વળતી તજવું બિછાનું,
પડવું પાયે સાસુને, સુખી એથી થવાનું. સાંભળ. ૩
વચન વદે જે સાસુજી, ચિત્તે બરોબર ધરવું,
સ્વચ્છ રહેવું હમેશને, સદા સાચુજ કહેવું. સાંભળ. ૪
ફરજ બરાબર સમજીને, મોટાં સર્વેને નમવું;
ભજવા નિત્યે ભગવાનને, સઘળુ વ્યસનજ તજવું. સાંભળ. ૫
સેવા કરવી સ્વામીની, માથું ચરણોમાં ધરવું;
ફરજ પોતાની ધારીને, કારજ સઘળુ એ કરવું. સાંભળ. ૬
વસ્તુ ઘરની તમામ જે, તેની સંભાળ લેવી,
શિખામણ ઉરમાં ઉતારજે, નિંદા કોઇની ન કરવી. સાંભળ. ૭
મરજી સાસરીઆં તણી સરજી તું તો સાચવવા;
સહુંપર પ્રીતિ રાખવી, ન્યાય નીતિના તજવા. સાંભળ. ૮
મીઠુ ધીમુ બોલવું, સઘળે ખોલો ના મનડુ;
કંથની મરજી સાચવવા, અર્પણ થયું તુજ તનડુ. સાંભળ. ૯

સુખદુઃખ સઘળુ હોય જે, કોઇને કંઇએ ન કહેવું,
સાસુ નણંદની વાણી જે, મનમાં સમજીને રહેવું. સાંભળ. ૧૦
વાણી શિખામણ તણી, હિત જાણી સાંભળવી;
મોટાની માઝા રાખવી, લજ્જા કદીએ ન તજવી. સાંભળ. ૧૧
નવરાશે ફરવું નહી, ચિત્ત પ્રભુમાં રાખો,
નીતિનાં પુસ્તક વાંચવાં, વચન સત્યજ ભાખો. સાંભળ. ૧૨
વસ્ત્રો જાડાં પહેરવાં, તન દેખાય ના ઉઘાડાં,
અધૂરાં વસ્ત્રોના પહેરવાં, સજવાં વસ્ત્રોજ પુરાં. સાંભળ. ૧૩
માથુ બરોબર ઓળવું, ચોળવું બેસી એકાન્તે;
કાજળ ટીલડી ધારવાં, દર્પણ જોવું ના રાતે. સાંભળ. ૧૪
માથુ બરાબર ઢાંકવું, મનમાં ફાંકો ન ધરવો,
નમ્ર બનીને ચાલવું, વિવેકને ન તજવો. સાંભળ. ૧૫
ખડખડ કદી હસવું નહી, દોડી કંઇએ ન ધસવું;
આનંદી ચહેરે રહેવું સદા, ઉદાર હમેશાં રહેવું. સાંભળ. ૧૬
ક્રોધ કદી કરવો નહી, શાન્તિ ધરવી સદાયે;
અહંકાર મનમાં ના આણવો, સુખી એથી થવાયે. સાંભળ. ૧૭
મનવશ પુરૂ રાખવું, લેવા સંસાર લ્હાવા,
શિયળ સાચવવું સદા, સુખ તેથી થવાનાં. સાંભળ. ૧૮
નટવર અર્જ ધારીને, સદા સહાયજ કરશે;
દિનોનાથ દયાળ એ, સદા શાન્તિજ કરશે. સાંભળ. ૧૯

(૧૩)

મુંબાઇના છપ્પનભોગ મહોત્સવનું વર્ણન

(શોભા છપ્પનભોગની) એ રાગ

જય જય બોલો શ્રી બાળ કૃષ્ણુલાલની
સ્મરણુ કરી ગાઉં લીલા નીત્ય,
રાખી ચરણે ચિત્ત ધરી પૂરણુ પ્રિત. શોભા છપ્પનભોગની. ૧
મુંબઇ શહેર અતિ વિખ્યાત છે,
બિરાજે ત્યાં શ્રી **ગોકુલનાથ**
લાલન ચાર સાથ, રંગે રૂપે નાથ શોભા. ૨
શ્રીગિરિધરજી અતિ રે શોહામણા, છોટાબાવા શ્રી**દિક્ષિતનાથ,**
સાથે ગોપીનાથ, શોભે સુંદર સાથ. શોભા. ૩
જોડી અતિશે સુંદિર દીપતી, સુંદરતાનું વર્ણન નવ થાય,
પ્રત્યક્ષ દેખાય, સંદેહ નવ થાય. શોભા. ૪
શ્રી**ગોકુળનાથ** બાવાએ વિચારીઉં ગોપિનાથને દેઉ ઉપવીત,
ખરચું ઘણું વિત્ત ચાલી આવી રીત. શોભા. ૫
રૂડો છપ્પનભોગ તો હું કરૂં, એવો વિચાર નક્કિ થાય,
પત્રિકા લખાય, દેશો દેશ જાય. શોભા. ૬
રૂડો દિવસ પોતે નક્કી કર્યો, સંવત ૧૯૮૧ સાલ,
રૂડો જેષ્ટમાસ, છઠને ગુરૂવાર. શોભા. ૭
શ્રીમદ્દ ગોસ્વામી બાળકો પધારીઆં, છપ્પનભોગના ઉત્સવમાંહે,
મનોહરતા ત્યાંહે, વર્ણન કરૂં આંહે. શોભા. ૮

તિલકાયત **શ્રીગોવરધનલાલજી**, સાથે લાલ **શ્રીદામોદરલાલ**,
ગૌઅન પ્રતિપાલ, દયાના નિધાન. શોભા. ૯
સ્વારી ચઢી સ્ટેશનના ધામથી, જેનું વર્ણન કરી ન શકાય,
વૈષ્ણવો ન માય, આનંદ ઉભરાય. શોભા. ૧૦
કીધો મુકામ નિજ બંગલા વિષે, શોભે વાલકેશ્વર રૂડુ ધામ;
ઠરવા જેવું ઠામ, વ્રજસમ ધામ. શોભા. ૧૧
કામવનનીરે શોભા અતિ ઘણી, ત્યાંથી પધાર્યા **શ્રીવલ્લભલાલ**,
દયાના નિધાન, ચતુર સુજાણ. શોભા. ૧૨
ઉતર્યા પોતે તે ચંદ્ર બાગમાં, જેની શોભા વખાણી ન જાય;
વાણી ન વર્ણવાય, બિરાજ્યા રસરાય. શોભા. ૧૩
રાજનગર શોભામાં સોહામણું, ત્યાંથી પધાર્યા **શ્રીમધુસુદનલાલ**,
કૃપાળુ અપાર, રસિક દયાળ. શોભા. ૧૪
સુરત શહેરથી **શ્રીવ્રજરત્નલાલજી**,
ગોવિંદરાય શ્રી મધૂસુદનલાલ;
સાથે બંને બાળ, પધાર્યા કૃપાળ. શોભા. ૧૫
બેટ શંખોદ્ધાર અતિ જાણીતું, ત્યાંથી પધાર્યા શ્રી **પ્રદ્યુમ્નલાલ**,
સાથે દ્વારિકેશવલાલ, પધારી કર્યા ન્યાલ. શોભા. ૧૬
પોતપોતાનાં મંદિર જેહ છે, તેમાં તેઓશ્રીએ કીધા મુકામ;
શોભે રૂડાં ઠામ, યાત્રા સમ ધામ. શોભા. ૧૭
કાંકરોલી ધામઅતિવિખ્યાતછે, ત્યાંથીપધાર્યા **શ્રીવ્રજભૂષણલાલ**
સાથે **વિઠ્ઠલનાથ**, રમે બંને સાથ. શોભા. ૧૮
જોડી રામકૃષ્ણ સમ દીપતી, કીધો સેનીટેરીયમમાં મુકામ;

સાર્વજનીક ઠામ, સુંદિર દિસે ધામ. શોભા. ૧૯
જુનાગઢ અતિશે રે જાણીતું ત્યાંથી પધાર્યા પોતે બને લાલ;
રઘુનાથજીના બાળ, જોડી મહા રસાલ. શોભા. ૨૦
જેષ્ટ શુકલ સાતમ શુક્રવારના, પ્રભાતે સાડા છને સુમારે;
દર્શન ખૂલ્યાં ત્યારે, છપ્પન ભોગનારે. શોભા. ૨૧
લગભગ છલાખ વૈષ્ણવ આવીઆ, ભીડ દર્શનમાં બહુ થાય;
વ્યવસ્થા રખાય, દર્શન સહુને થાય. શોભા. ૨૨
જુદા જુદા રસ્તાઓ રાખીઆ, બેનો અને ભાઇઓના કાજ,
દર્શન કરવા રાજ, ટાળ્યો સૌ ઉચાટ. શોભા. ૨૩
સરકારી તે સિપાઇઓ બોલાવીઆ, દર્શનમાંહે તોફાન ન થાય;
શાન્તિ જળવાય, ઈજા કંઇ ન થાય. શોભા. ૨૪
સ્વયંસેવક ભાઇઓ રૂડા શોભતા, કરતા વિવિધ સેવા અપાર,
પુરો રાખી પ્યાર, ખડે પગે ચાર. શોભા. ૨૫
નિજ મંદિર અતિશે દીપતું, બાંધ્યા વાવટા તોરણુ અપાર;
શોભા અપરંપાર, ચક્ષુ ઠારનાર. શોભા૦ ૨૬
દર્શન તણી વ્યવસ્થા રૂડી ઘણી, વૃદ્ધોથી પણુ દર્શન થાય;
રચના સુંદીર ત્યાંય, મુખે ન કહેવાય. શોભા. ૨૭
શોભા છપ્પનભોગની શી કહું, સામગ્રીઓનું વર્ણન ન થાય;
ટોકરીઓ ભરાય, નજર ન પહોચાય. શોભા. ૨૮
સામગ્રી બની બહુ ભાત ભાતની, તેનું વર્ણન મુખથી ન થાય;
લખ્યું ન લખાય, ગાયે ન ગવાય. શોભા. ૨૯
સિંહાસન હટડીનું છાજીઉં, તેમાં પધાર્યા શ્રી **બાળકૃષ્ણુલાલ**;

સાથે સ્વરૂપ બાર, આરોગ્યા સહુ સાર. શોભા. ૩૦
હટડી ચાંદીની ઉત્તમ શોભતી, શોભે બાળકો સર્વે પાસ;
શોભા સુંદીર ખાસ, કુંડાં ફુલનાં પાસ. શોભા. ૩૧
મહારાજશ્રીની તે આજ્ઞા ત્યાં થઇ, છપ્પનભોગનો પ્રસાદ વંટાય;
લેવા સહુકો જાય, આનંદ અતિ થાય. શોભા. ૩૨
સર્વ સાથની શોભા અતિ ઘણી, ગૃહશાન્તિ રૂડી પેર થાય;
આનંદ સૌને થાય, વૈષ્ણવો જોવા જાય. શોભા. ૩૩
રૂડી એકાદશી બુધવાર છે, ગોપિનાથને ઉપવિત દેવાય;
બ્રહ્મચારી રાય, તેજોના વદાય. શોભા. ૩૪
રૂડો મંડપ સુંદીર બાંધીઓ, જેની શોભા વર્ણવી ન જાય;
કહ્યું શે કહેવાય, લખ્યું શે લખાય. શોભા. ૩૫
ટેલીફોન ઓફીસ જુદી કરી, નીમી કમીટી સુંદીર સાર;
વ્યવસ્થા અપાર, આનંદનો નહી પાર. શોભા. ૩૬
પુછગાછ ઓફીસ જુદી કરી, સઘળી હકીકત ત્યાંથી જણાય;
ખાતાં બીજાં ત્યાંય, વર્ણન ન કરાય. શોભા. ૩૭
ડંકો વાગ્યો **શ્રીગોકુળનાથનો**, છપ્પનભોગની શોભા અપાર;
ખર્ચાનો નહી પાર, લુંટાવી બહુ બ્હાર. શોભા. ૩૮
સુરનર મુનીવર જોવા તલસતા, એવા ઉત્સવ રૂડા થાય;
શોભા સુંદીર ત્યાંય, કહ્યું ન કહેવાય. શોભા. ૩૯
ભાગ્યશાળીને દર્શન ત્યાં થતાં, લીલા ગાઇને કરે સૌ આનંદ;
ભજે નંદનંદ એ છે આનંદકંદ. શોભા. ૪૦
આ લીલા ગાયે સુણે પ્રેમથી, તેનાં પાપો સર્વે દૂર થાય;

આનંદ ઉભરાય, શ્રીનાચરણે જાય. શોભા. ૪૧
પ્રભુ કૃપાવડે લીલા મેં લખી, જે નિરખી મેં જાતે સાક્ષાત;
વધુથી અજ્ઞાત, ક્ષમા ચાહે દાસ. શોભા. ૪૨
મતિ અનુસાર પદ્યે ઉતારીઉ, મારૂં નામ છે નટવરલાલ;
વૈષ્ણવ જનનું બાળ, રાખે **શ્રી** સંભાળ. શોભા. ૪૩
ગોસ્વામી **શ્રીગોકુળનાથને** પ્રીતે નમન કરૂં છું હું દાસ,
દૃષ્ટિ રાખો ખાસ, તો તરસે આ દાસ. શોભા. ૪૪
ટુંક પીસ્તાલીસ પુરી થઇ, ભૂલચુક ક્ષમા કરજો આપ,
વિચારી મમ તાપ, દર્શન દેજો આપ. શોભા. ૪૫

---

(૧૪)

(વ્હાલા તમે પુરૂષ અમે નારી)—એ રાગ.

અમે હવે તો વાયડ જઈશું (૨).

જઇશું જઇશું જઈશુંરે, અમે હવે તો વાયડ જઈશું,
માતાજીના દર્શન કરીને, મુક્ત પાપોથી થઈશુંરે. અમે હવે. ૧
શિશ નમાવી માતના ચરણે, ગુન્હાની માફ્જ લઇશુંરે.
અમે હવે. ૨
પવિત્ર વાવના નિર્મળ જળમાં, અતિ આનંદે નાહીશુંરે.
અમે હવે. ૩
સ્નાન કીધું જયાં દેવ પુરૂષે, ત્યાં નાહી આનંદ કરીશુંરે.
અમે હવે. ૪

ફરીશું, હરિશું, ગમ્મત કરીશું, મિષ્ટાન્ન જમવા જઇશુંરે.
અમે હવે. ૫

અનેક પ્રકારની રમતો રમીશું, અતિ આનંદ ભોગવશુંરે.
અમે હવે. ૬

હવન તણાં દર્શન ત્યાં થાયે, લ્હાવો તેનો લઇશુંરે. અમે હવે. ૭

વરઘોડો ચડે માતજ કેરો, તેનો લાભજ લઇશુંરે. અમે હવે. ૮

આનંદ કેરી છોળો ઉડે છે, તે આનંદમાં ભીંજીશુંરે. અમે હવે. ૯

બાણગંગા રૂડી પવિત્ર પાસે, તેમાં નાહી પવિત્ર થઇશુંરે.
અમે હવે. ૧૦

સાચિ શિખામણ નટવરની આ, માતના દર્શન કરીશુંરે.
અમે હવે. ૧૧

એ ભૂમિ છે વ્રજના જેવી, ત્યાં જઇ ચાર દીન રહીશુંરે.
અમે હવે. ૧૨

કુળદેવીના ચરણો સેવી, અતિ આનંદીત થઇશુંરે. અમે હવે. ૧૩

---

(૧૫)

સ્વામિ સૂણોને મ્હારી વિનતિરે લોલ,
વાયડ જવાની મને હોંશજો. સ્વામિ૦ ૧
પ્રેમથી પધારો વાયડ તમે રે લોલ,
સાથે લેતા મને જાવજો. સ્વામિ૦ ૨
વિત્યા દિવસ હોળી તણારે લોલ,
આવ્યો છે ચઇતર માસ જો. સ્વામિ૦ ૩

કરજો વ્યવસ્થા છકડા તણી રે લોલ,
સંઘમાં આવું હું સાથજો. સ્વામિ૦ ૪
આનંદ અતિ ત્યાં થાય છે રે લોલ,
દર્શનનો લેઇશું લ્હાવજો. સ્વામિ૦ ૫
કળશ લેવાની મ્હને હોશ છે રે લોલ,
ઇચ્છા પૂર્ણ તમથી થાયજો. સ્વામિ૦ ૬
નહી જાવા દઉ એકલારે લોલ,
અર્ધાંગના લ્યો સાથજો. સ્વામિ૦ ૭
પવિત્ર ધામ વાયડ તણું રે લોલ,
દેવતાએ કીધો વાસજો. સ્વામિ૦ ૮
ઇંદ્રરાજા ત્યાં વસિઆરે લોલ,
વસ્યા રૂષી અનેક જો. સ્વામિ૦ ૯
કોમળ સ્વરૂપ છે માતનુંરે લોલ,
બાળ તણી તે લેતાં સભાળજો. સ્વામિ૦ ૧૦
વિનવુ કરગરી આપને રે લોલ,
પુરો સ્વામિ મારા કોડજો. સ્વામિ૦ ૧૧
એક લડી હું અહીં નહી રહુરે લોલ,
સુખ દુઃખમાં મ્હારો ભાગજો. સ્વામિ૦ ૧૨

(૧૬)

રાગ. (ગોરમા ગણુપત લાગુ પાય કે વિદ્યાભીને વિનવું રે લોલ)

પ્રથમ ગણુપત લાગું પાય કે, ગાઉ ગરબો માતનોરે લોલ,
વાયડ ગામે બેઠાં માત કે, મહિમા અતિ ઘણો રે લોલ, ૧
માને પારે આવે લોકકે, બહુ દૂર દેશથી રે લોલ,
આવે બાળ જોબનને વૃધ્ધ કે, અતિ ઘણા હેતથીરે લોલ ૨
માના શિરપર છાજે છત્રકે, તે પર ફુલ છે રે લોલ,
ફરતી દીસે રૂડી કોર કે, છત્ર અમૂલ્ય છે રે લોલ ૩
માની શોભાનો નહીપાર કે, શોભા શી કહું રે લોલ,
જેમાં શેષ ન પામે પાર કે, હું તે શું લહુ રે લોલ, ૪
માનારૂપ તણો નહી પાર કે, લલાટે આડ દિપતી રે લોલ,
હસ્તમાં ધરીઆં ત્રીશુળને દંડ કે, વીણા રૂડી શોભતીરે લોલ, ૫
માને કંઠે શુશોભિત હારકે શોભે અતિ ઘણા રે લોલ,
માને હાથે બાજુ બંધ કે, ચુડો સોના તણો રે લોલ, ૬
માને કાને રૂડા કાપ કે, નાકે વાળી શોભતીરે લોલ,
માને સેંથો પુર્યો અનુપ કે, દામણી ઓપતીરે લોલ, ૭
માને દશે આંગળીએ વેઢ કે, ઝાંઝર ઝમઝમેરે લોલ,
કલ્લાં કાંબીને રૂડા તોડા કે, ઘુઘરા ઘમ ઘમેરે લોલ, ૮
માને ચણીઓ ચોળીને ચીર કે, ઓઢી ચુંદડીરે લોલ, ૯
માના ચોક વચ્ચે સહુનાર કે, ફરે ગરબે પુદડી રે ૧૦
માની ઘીની બળે છે જોતકે, જોઇ રવિ થોભીઆરે લોલ,
માનું તેજ જોઇ મન મોહે કે, હું તો લોભીઓરે લોલ, ૧૧

માના દર્શને દુઃખ દૂર થાય કે, પાપ સહુ બળે રે લોલ,
શું કહું મંડપની શોભાય કે, મુખમાં અમિ ઝરે રે લોલ, ૧૨
માની સુંદર રૂડી વાવ કે, માંહી અમૃત ભર્યું રે લોલ,
તેમાં જે જન જઈને નાહય કે, તેહનું કામ સર્યું રે લોલ ૧૩
શું કહું સ્થાનકની શોભાય કે, કામ અદભુત ઘણું રે લોલ
માનો ચઇતરે સંઘ ભરાય કે, શું વર્ણન કરૂં રે લોલ, ૧૪
સુરીનર મુનીવર જોવા તલસે કે, બ્રહ્મા ધ્યાન ધરે રે લોલ,
માની સનમુખ રહી હમેશકે, દેવતા સ્તુતિ કેરે લોલ, ૧૫
માનો ગરબો જે કોઇ ગાયકે, મુખે પઠન કરે રે લોલ,
કોટીક પાપ પ્રલય થાય કે, તે સહેજે તરે રે લોલ, ૧૬
માજી સેવક જાણી તારો કે, કરૂણા કીજીએ રે લોલ,
માજી નટવરની આવિનતીકે, ધ્યાને લીજીએ રે લોલ, ૧૭
તારા ગુણ ગાવા હમેશ કે, બુદ્ધિ આપજો રે લોલ,
મા ત્હારા સેવકો સઘળા કે, શરણે રાખજો રે લોલ, ૧૮

શ્રી વાયુદેવની ઉત્પતીનો ગરબો

રાગ. (ગાડી આવી ગુજરાત અગન કેરી ગાડી રે આવી)

ધન્ય શ્રી વાયુદેવતા મહારાજ, વસો મારા રૂદીયામાં;
સેવકોની પુરજો આશ વસો० ૧

(સાખી)

પ્રથમ નમું હું માતને, ને લાગુ તમારે પાય,
કૃપા કરો મુજ ઉપરે, જેથી ગરબો આ પુર્ણ લખાય વસો० ૨

વાયડ ગામે જન્મિઆ, ને દીતિ તમારી માય
કશ્યપ રૂપી પિતા તમાહ્યરા, ઇંદ્ર તમારો ભ્રાત. વસો૦ ૩
કૃપા મુજ ઉપર કરો, ને વાણી આપો આજ;
ઉત્પતી તમ તણી ગાઉ, ધરી હૈયડે અતિ આનંદ વસો૦ ૪
જન્મ થતાં વર્ષ આગળે, વ્રત આરંભ્યું માત;
કષ્ટ કરી વ્રત પાળીઉ, રીઝવવાને કમળાકાન્ત વસો૦ ૫
ચિંતા થઇ ઇંદ્રરાયને, કો બળિયો પુર્ણ પ્રમાણ;
પ્રગટે તો રાજ્ય નરહે, તેથી કરૂં હું ગર્ભની હાણ. વસો૦ ૬
આવ્યો ઇંદ્ર દીતી આગળે, ને પ્રેમે લાગ્યો પાય,
મા તાહરી સેવા કરૂં, જેથી ઇશ્વર પદને પમાય. વસો૦ ૭
હીરણ્યાક્ષ ને હરિણ્યાકશ્યપ. મર્યા વિશ્નુને હાથ,
તેમાં દોષ મારો નથી, રાખો મુજને તમારી સાથ. વસો૦ ૮
દીતિએ ઇંદ્રરાયને, રાખ્યો સેવા કાજ;
સેવા કર્તા શ્રી વિશ્નુને, કહ્યું રાખો અમારી લાજ. વસો૦ ૯
દીતિ માતના તપમહીં, ખામી પડી એક રંચ;
રૂપ પલટાવી ઇંદ્રએ, ત્યાં કીધો પડપંચ. વસો૦ ૧૦
દીતિ માતના ઉદર મહીં, પ્રવેશ્યો સુરરાય,
વિચાર કરે ગર્ભ જોઇને, ઇશ્વર અંશે છે કાય. વસો૦ ૧૧
ઇંદ્રએ શસ્ત્રજ મારીને, ગર્ભ ભાગ કીધા છે સાત;
સાતે ગભના સાત બાળકો, ચારભુજા જગતાત. વસો૦ ૧૨
અકળાયો સુર દેખીને, શત્રુ વધ્યા કરૂં ઘાત;
ફરી શસ્ત્રજ મારીને, કીધા ભાગ બેંતાલીસને સાત વસો૦ ૧૩

વાયુ રૂપે તે બધા, પ્રગટયા જુગદાધાર;
દેખી ઇંદ્રજ કોપીઓ, ત્યારે બોલ્યાતે વાયુકુમાર. વસો૦ ૧૪
સુરરાય ક્રોધજ કાંકરો, અમે તમારા ભ્રાત;
તમારા શત્રુ નથી, કસ્યપરૂષી અમારા તાત. વસો૦ ૧૫
વચન સુણીને બન્ધુનાં, ઇંદ્રિ આવ્યા દીતિની પાસ;
પ્રણામ કરે હસ્ત જોડીને, માતા તારૂ તે વ્રત તપાસ. વસો૦ ૧૬
દીતિ માતને બાળકો, પ્રગટયા બેંતાલીસને સાત;
તે બાળક દશદશ વર્ષના, આનંદ કરે દીન રાત. વસો૦ ૧૭
ઇંદ્ર પ્રત્યે દીતિ બોલીઆં,બાળકો રહેશે વન;
તાપ છાંયડો કેમ વેઠશે, બધા છે તે દેવરૂપતન. વસો૦ ૧૮
કોણ પુજશે કોણ નવડાવશે, કોણ ધરાવે નૈવેદ;
આસના વાસના કોણ કરે, કોણ એમને લડાવશે લાડ વ૦ ૧૯
વચન સુણી દીતિ માતનાં, ને ઇંદ્રે કર્યો વિચાર;
બ્રહ્માજીને વિનવું, જેથી કાર્ય સધાય આવાર. વસો૦ ૨૦
બ્રહ્માજી આવ્યાખરે, વિનવે ઇંદ્રને દીતિમાય,
આ બાળકો સેવવા, સૃષ્ટિ સર્જવા કરો ઉપાય. વસો૦ ૨૧
એક સમે વાડવ રૂષી, તપ કર્તા અહીં આંય
બ્રહ્માડ ડોલાવ્યું બધું. ત્યારે વિશ્નુ આવ્યા ફરતાય. વસો૦ ૨૨
વરદાન માગ્યુ વાડવે, હું કરૂં સૃષ્ટિ નિર્માણ;
ગણાય તે સહુ માહયરી, કરે તે આ વાવમાં સ્નાન. વસો૦ ૨૩
તથાસ્તુ કહીને ખરે, વિશ્નુ આવ્યા વૈકુંઠ ધામ;
આસઘળી બીના બધી; ઇંદ્ર બ્રહ્માને કહી આ ઠામ. વસો૦ ૨૪

વાડવ તેડાવ્યા બ્રહ્માએ, કહે સૃષ્ટિ કરો નિર્માણ;
સાંભળી વચન બ્રહ્માતણું, વાડવે દર્ભ લેઈ ધર્યું ધ્યાન વસો૦ ૨૫

તે દર્ભથી સૃષ્ટિ નિપજી, બ્રાહ્મણ બાર હજાર;
તેથી બમણા વણિક કર્યા, રહયા સર્વે વાયડ મોઝાર. વસો૦ ૨૬

સંખ્યા છત્રીસ હજારની, સઘળા નાનાબાળ,
વાયડા બ્રાહ્મણ વાયડા વણિક.
બેસી સઘળા કરે છે ખ્યાલ વસો૦ ૨૭

બ્રહ્માએ વિચારીઉં આ શું જ કરશેજ સેવ;
જવાન કીધા જળ છાંટીને, થયા પ્રસન બ્રહ્માજી દેવ. વસો૦ ૨૮

ભાદરવા સુદી ૬ને દીને, પ્રગટયા વાયુદેવ;
તેજ દીવસે વાયડા, પ્રગટયા કરવા તમારી સેવ. વસો૦ ૨૯

વાયડા બ્રાહ્મણ પુજા કરે, વણિક કરે દર્શન;
તે સર્વના ઉપર પ્રભુ, થશે ઘણારે પ્રસન્ન. વસો૦ ૩૦

ચઇતર સુદી છઠને દીને, પારણે ઝુલ્યા દેવ;
આ બે ઉત્સવ વાયડા ગણે, સઘળા કરે તમારી સેવ વસો૦ ૩૧

લખતાં વિગતે વર્ણન બધું, પારન આવે આજ,
સંક્ષેપે વર્ણન લખ્યું, જ્ઞાતિ બન્ધુઓને કાજ. વસો૦ ૩૨

વિક્રમ સંવત ઓગણી, ચોરાસીની સાલ.
શ્રાવણ શુકલ પુર્ણીમા,ગરબો લખ્યો અંતર આણી વ્હાલ વ૦૩૩
વાયુ પુરાણનો સાર લેઈ, અલ્પમતિ અનુસાર;
પદ્યે મેં ઉતારીઉં, કરે કૃપા માતાજી અપાર. વસો૦ ૩૪

વંશ વાડી વાયડા તણી, વધો અતિ અગાધ,
તમામ દેશના જ્ઞાતિલા, વાયડ સંઘનો લે લ્હાવ. વસો૦ ૩૫
સ્થાન ઘણું રળિઆમણું, તે અતિ આનંદી ધામ;
દર્શન કરે જે માતનાં, તેનું માત પુરૂં કરે કામ વસો૦ ૩૬
મતિ થોડી છે મુજમાં, ને આપ છો માત દયાળ.
દર્શન દેજો મુજને, વિનવે સેવક નટવરલાલ. વસો૦ ૩૭

વાયડ વિશે.

રાગ. (મા વાવાયા તે અગથીઆં ને વાયે બંધાયાં પગથીઆં)

મા પ્રથમ લાગુ પાયજો, ને મુજ પંર કરો કૃપાયજો;
તુજ કૃપા વડે સહુ થાયજો, ને ગરબો આ પુર્ણ કહેવાયજો.
શોભા વાટીકા વનની સારીજો, એ તિરથ મનોહારીજો.
ચારે દિશાએ ઝાડી સારીજો, નેપુર તણી બલીહારીજો
રૂષી વાડવે તપ ત્યાં કર્યુંજો, ને સૃષ્ટી નિપજાવવા ધાર્યુંજો.
બ્રહ્મા વિષ્નુ રવિ સહુ ધાયાજો, રૂષિનું તપ જોઇ આવ્યાજો.
તપ વાડવનું જોઇ વેણુ ઉચાર્યુંજો, ને તમે કરો મન ધાર્યુંજો.
રૂષી વાડવે વિચાર કીધાજો, ચારે દિશાએ ચાર કુંડ કીધાજો.
પુર્વે રવિ કુંડ ભારીજો , રૂદ્ર કુંડ દક્ષિણે મનોહારીજો.
ઉત્તરે બ્રહ્મ કુંડ શોભા સારીજો, પશ્ચિમે વિશ્નુ કુંડ ભારીજો.
સરસ્વતિ ને ગંગા ગોદાવરીજો, યમુના અતિ સુખ કારીજો.

ચારે સરિતા મહાત્મ સહિતેજો, ને આવી વસી તે ઠામેજો.
વાવ અંદર માતા વસે છે જો, નિજ બાળકો જોઇને હસે છે જો.
એ ભૂમિમાં અંજની માયે જો, ને આવી કીધો વિશ્રામ જો.
તેમની ઇચ્છા પુરી તે ઠામે જો, સફળ થયાં સહુ કામજો,
પાસે બાણ ગંગા રૂડી વહે છે જો, ને સ્નાનેથી પાપ હરે છે જો,
દીતિ માયે ફળ લીધુ સહુ પેલુજો, એવુ પવિત્ર વાયડ વસેલુંજો.
વાયુ દેવ પ્રગટયા છે ત્યાંયજો, ને સ્થળ અતિ પવિત્ર ગણાયજો.
કામના પુરે **સમિરા** માયજો, ને તેમની સુંદીર શોભાયજો.
માંનું મંદિર ભવ્ય વિશાળજો, જેના વર્ણનનો નહિ પારજો,
પાયે નેપુર ઝાંઝર ઝમકે જો, ને મોહ્યા તે ભકતો ઠમકે જો.
ભલ્લ ભલ્લાના પદ ઉતાર્યાજો, ને અનેક અસુર સંહાર્યાજો.
માની હાકલ ભીષણ લાગેજો, ને અસુરો સુણીને ભાગેજો.
સીંહાસનની શોભા સારીજો, મંદીર આગળ ચાંદીની જાળીજો.
માના મુગટની બલીઆરીજો, જમણા હસ્તે વીણા ઝાલીજો.
માયે ત્રિશુળ હસ્તે ઝાલ્યુંજો, ને ભકતોને સુખ આલ્યુજો;
હાંડી ઝુપર મંદીરે લટકે જો, ને ધજા મંદીર પર ફરકે.
માને ટીલડી શોભે ભાલજો, ને વાવ માની મોડી વિશાળજો.
માની પાસે સુંદિર તકીઆજો, તે એમના સેવક સુખીઆજો.
માના તેજ તણો નહી પારજો, ને વિજળી સમ ઝમકારજો;
માને સુંદીર ભુજા ચારજો, ને સેવકની રક્ષણ હારજો,
માનું ભકતો પર બહુ વ્હાલજો, વિનવે કરજોડી નટવરલાલજો;
મા મતિ મારી બહુ થોડીજો. ને દેશો નહિ તરછોડીજો.

મા તારી કૃપા જો થાય જો, તુજ ચરણનું સુખ પમાયજો,
મા કૃપા તે મુજ પર કરજોજો, ને દર્શનનું સુખ દેજોજો.

માતાજીનો થાળ.

માજી પિરસી છે પ્રીતે થાળી, પધારો કુળદેવી કુળદેવી.
દીધું આસન રૂડુ સાથે ઢાળી. ,, ,, ,,
માજી મળવા પ્રેમે તમે આવો,
તમ ભક્ત હૃદયમાં ભાવો. પધારો૦ ૧
માજી મુને જમતાં જોવાની હોશ ભારી;
જમો પ્રેમથી હાથ પસારી. પધારો૦ ૨
લાડુ ઠોર જલેબી કંસાર;
રૂડો ધર્યો છે મોહન ઠાર. પધારો૦ ૩
ખાજાં ઘુંઝાં ઘેબરને ધારી;
સુતરફેણી બનાવી સારી. પધારો૦ ૪
મગશ પુરી સાથે દુધપાક;
જોડે ધર્યાં છે સુંદીર શાક. પધારો૦ ૫
કંકોડાં કારેલાંને કોળુ;
બટાટાને ભીંડાનું શાક બહોળુ. પધારો૦ ૬
ચણ્યા વટાણાને વળી વાલ;
ગવારફલી દુધીચણ્યા દાળ. પધારો૦ ૭
પતરવેલીઆં અજમો ને પોઈ;
તળ્યાં ભજીઆં તણી ઘણી સોઇ પધારો૦ ૮

ખૂબ દુધને ઉકાળી બાળી;
દહીં જમાવી કઢી વધારી. પધારો૦ ૯
સુંદીર ચોખા કમોદ ત્રણ પાંખડી;
ઘૃત નાખી કરી રૂડી સખડી. પધારો૦ ૧૦
મેં તો રાયતાં કર્યાં છે જાતજાતના;
સંધાણાં પીરસ્યાં ભાતભાતનાં. પધારો૦ ૧૧
લીંબુ મરચાં સાથે ખારી સેવો;
માંહી ધર્યો છે લીલો મેવો. પધારો૦ ૧૨
દાડમ મસ્તકતનાં બહુ સારાં;
નારંગીને કેળાં ન્યારાં ન્યારાં. પધારો૦ ૧૩
અખરોટને અંજીર બહુ ભાતના,
ચારોળી પિસ્તાં બદામ બહુ જાતનાં. પધારો૦ ૧૪
મીઠા જળની તે ઝારી ભરી છે;
જમણા હસ્ત પાસે તે ધરી છે. પધારો૦ ૧૫
માજી પાન બીડીયાં એલચીને ખ્રાસ;
વરીઆળી સોપારી મુખવાસ. પધારો૦ ૧૬
માજી મુખ જોઇને હરખાયું મન મારૂં.
સુખ શય્યામાં પ્રેમે પધરાવું. પધારો૦ ૧૭
માજી ઢોળુ વાયુ વાધ્યુ ઘણું વ્હાલ;
વિનવે સેવક નંટવરલાલ. પધારો૦ ૧૮

(માતાજી આરતી.)

જય જય વાયુ દેવામા, જય વાયુ દેવા,
દાસ છીએ અમે ત્હારા (૨) કરીએ નિત્ય સેવા જય જય કુળદેવા.

માને ભુજ કંકણુ રૂડાં, મા ગુજરીઓ ચુડી (૨)
બાજુ બંધને બેરખા (૨) પોંચી રત્ન જડીત્ર જય જય કુળદેવા.

માનુ સુંદિર રૂપ અનુપ, મા શોભે બહુસારાં (૨)
ચઇતર સુદી ચોથે (૨) બાળ આવે ત્હારાં જય જય કુળદેવ.

પ્રથમ પાટણુ ઉતરે, મા વાયડ પછી આવે. (૨)
હોમ હવન કરીને (૨) મા તમને રીઝાવે જય જય કુળદેવા.

ચાર દીવસ વાયડ, મા આનંદ બહુ થાયે (૨)
નિર્મળ પવિત્ર વાવમાં (૨) નહાવા સૌ જાયે જય જય કુળદેવા.

ત્હારી શોભાનો નહીપાર, મા પગે ઝાંઝરનો ઝમકાર (૨)
અમને આશ તમારી (૨) સહાય સદા કરનાર જય જય કુળદેવા.

ત્હારૂં સ્મરણુ નીત્ય કરવા થકી, મા બળે અમારાં પાપો (૨)
નટવર મુખથી ઉચરે (૨) તુજ ભક્તિ આપો જય જય કુળદેવા.